# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no: - ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web:-www.suratdeo.org


જા.નં./મા-૬/શ્રેષ્ઠ શિક્ષક/૨૦૨૩/ 8275 તા.૦૯/૦૬/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળાઓ,
ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા, સુરત શહેર
સુરત, જિ.સુરત

વિષય :- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવવા માટેની દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ :- ૧.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરનાં પત્રાંક : પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૩/૬૪૫૮-૬૫૩૬ તા.૨૭/૦૪/૨૦૨૨
૨.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:મા-૨/પરિપત્ર/૨૦૨૩/૭૨૬૫ તા.૨૯/૦૫/૨૦૨૩

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા માટે શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ નિયત નમૂનામાં દરખાસ્તો મંગાવવા જણાવેલ છે. જે અંતર્ગત અત્રેના જિલ્લાની તમામ સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સદર પારિતોષિક માટે રસ ધરાવનાર શિક્ષકો/આચાર્યો પાસેથી દરખાસ્તો ત્રણ નકલમાં તા.૧૨/૦૬/૨૦૨૩ સુધીમાં અત્રેની કચેરી ખાતે બિનચૂક મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. વધુમાં ઉક્ત સંદર્ભપત્ર-૨થી અત્રેની કચેરીની વેબસાઈટ પર તા.૨૯/૦૫/૨૦૨૩ના રોજ સદર પરિપત્ર મુકેલ જેનો વિગતે અભ્યાસ કરી દરખાસ્ત કરવી.

**તાલુકા/જિલ્લા/રાજ્ય જે કેટેગરી માટે દરખાસ્ત કરી હોય તે કેટેગરીનો ઉલ્લેખ દરખાસ્ત ઉપર ચોક્કસ કરવો.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત